स्थापना १९७१

સેવા.... સહકાર.... શ્રધ્ધા.... સમૃધ્ધિ....

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી., ખંભાત


રજી. ઓફીસ "સ્તંભતીર્થ" વાડાપોળ, ખંભાત - ૩૮૮૬૨૦

ફોન : ૨૨૧૩૨૮ (વહીવટી વિભાગ) ૨૨૦૪૯૫ (હિસાબી વિભાગ) ફેક્સ : (૦૨૬૯૮) ૨૨૬૯૩૨

E-mail : knsbl1971@knsbl.in GST No. : 24AAAAT2886Q1ZU



રજી. નં. નધણ ૨૦૩/સે ૪૩૪૦ તા.૦૯-૦૮-૧૯૭૧

રીઝર્વ બેંક લા.નં. UBDGJ 728 P તા. ૧૦-૧૨-૧૯૮૬

BSR CODE : 08657201
IFSC CODE : GSCB0UKNSBL

MICR CODE : 388805091
Website : www.knsbl.in


## (૪૯)

DICGC Bank Code : 42934 [ Sept-1979]

ઓડિટ વર્ગ - 'અ' ★ ૦% એન. પી. એ.

# વાર્ષિક અહેવાલ અને હિસાબ

## ૨૦૧૯-૨૦૨૦

### વ્યવસ્થાપક - કમીટી

શ્રી ખુશમનભાઈ શાંતિલાલ પટેલ
: ચેરમેન :

શ્રી નીતીનકુમાર રૂઘનાથજી બ્રહ્મભટ્ટ
: વાઈસ ચેરમેન :

શ્રી અનિલભાઈ નવિનચંદ્ર શાહ
: મેનેજીંગ ડીરેક્ટર :

શ્રી મહેશભાઈ જયંતીલાલ દાળીયા
: જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર :

### સભ્યો

શ્રી નવીનચંદ્ર ગફુરભાઈ પટેલ
શ્રી હરીશભાઈ રતીલાલ પટેલ
શ્રી શશીકાંતભાઈ શાંતિલાલ પટેલ
શ્રી કંચનલાલ ગફુરભાઈ રાણા
શ્રીમતી સોનલબેન કલ્પેશભાઈ ચોકસી
શ્રીમતી મીનાક્ષીબેન હિરાલાલ પટેલ
શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ કાપડીઆ
શ્રી ગીરધરલાલ વેલસીભાઈ બેલાણી (તા. ૦૬-૧૦-૨૦૧૯ સુધી)
શ્રી દીનેશચંદ્ર કાંતીલાલ પટેલ
શ્રી પ્રીતીનભાઈ ચંપકલાલ સુતરીયા
શ્રી કલ્પેશભાઇ કેસરીચંદ શાહ (તા. ૧૯-૧૧-૨૦૧૯ થી)
શ્રી ઈશ્વરભાઈ મોતીભાઇ પરમાર
શ્રી પ્રકાશભાઈ મણીલાલ શાહ - પ્રોફે.ડિરેક્ટર

મેનેજર. શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લિ., ખંભાત

## સને : ૨૦૧૯-૨૦૨૦ નો

## વાર્ષિક અહેવાલ અને હિસાબ

સુજ્ઞ સહકારી,

માનવંતા સભાસદ ભાઈઓ તથા બહેનો,

આપ સૌના સાથ સહકારથી આપણી બેંક ૪૯ વર્ષ પુરા કરીને ૫૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. તે આપના સૌના માટે ગૌરવની વાત છે. ત્યારે આપસૌને આવકારતા ગર્વની લાગણી અનુભવું છું.

ખંભાત શહેરમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતી આપણી બેંકની **૪૯મી** આજની વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વે સભાસદોનું સ્વાગત કરતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું.

સને - ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષનું અન્વેષણ થયેલું સરવૈયું તેમજ નફા-નુકશાન હિસાબી પત્રકો અને બેંકના કામકાજની પ્રવૃત્તિઓની માહિતી વિગત બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે માન્ય રાખ્યા છે તે આપની સમક્ષ મૂકતાં અત્યંત હર્ષ અને આનંદ અનુભવુ છું.

સને - ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ આખરે બેંકે **રૂા. ૨,૮૮,૨૮,૭૮૯-૭૪** પૈસાનો કાચો નફો કરેલ છે તેમાંથી થાપણો ઉપરનું વ્યાજ, બેંકનો વહીવટી-ખર્ચ, મિલકતો પરનો ઘસારો તથા ઈન્કમટેક્ષ મળીને કુલ્લે **રૂા. ૨,૫૩,૨૭,૯૩૮-૭૪** પૈસા ખર્ચ બાદ જતાં ગ્રોસ નફો **રૂા. ૩૫,૦૦,૮૫૧.૦૦** કરેલ છે. તેમાંથી **રૂા. ૨,૭૫,૦૦૦** B.D.D.R. U/S 36 (I) VII વ મુજબ તથા **રૂા. ૧૦,૦૦,૦૦૦** મહોત્સવ ફંડ ખાતેની જોગાવાઇઓ બાદ કરતા ચોખ્ખો નફો **રૂા. ૨૨,૨૫,૮૫૧** રહે છે. જે બેંકની સદ્ધરતા દર્શાવે છે. ચોખ્ખા નફાની ફાળવણી બેંકના પેટા-નિયમ અને ધી ગુજરાત કો. ઓપ. સોસાયટી એક્ટની રૂએ નીચે જણાવ્યા મુજબ કરેલ છે.

## નફાની ફાળવણી

### પેટા - નિયમ - ૬૧ (એ) મુજબ ફાળવણી

| | | | | |
|---|---|---|---|---|
| અનામત ભંડોળ | ૧૦% પ્રમાણે | રૂા. | ૨,૨૨,૫૮૫-૦૦ | પૈસા |
| (મે. જીલ્લા રજીસ્ટ્રારશ્રીના તા. ૦૨-૦૩-૨૦૨૦ના જા.પ.નં. બેંકીંગ/૦૧/ક-૩/૨૨/૨૦૨૦ મુજબ) | | | | |
| ડૂબત ફંડ | ૮% પ્રમાણે | રૂા. | ૧,૭૮,૦૬૮-૦૦ | પૈસા |
| (ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ તા. ૨૦/૧૨/૨૦૧૯ AGRAHAYANA-29,1941 Gujarat Act. No. 32 of 2019 મુજબ ) | | | | |
| સભાસદ ડીવીડન્ડ | (ભરાયેલ શેર ઉપર ૧૫% પ્રમાણે) | રૂા. | ૧૧,૩૮,૨૨૭-૦૦ | પૈસા |
| શિક્ષણ ફંડ | ૨½% પ્રમાણે | રૂા. | ૫૫,૬૪૬-૦૦ | પૈસા |
| ધર્માદા ફંડ | ૧% પ્રમાણે | રૂા. | ૨૨,૨૫૯-૦૦ | પૈસા |
| | | રૂા. | ૧૬,૧૬,૭૮૫-૦૦ | પૈસા |

### પેટા - નિયમ - ૬૧ (બી) મુજબ ફાળવણી

| | | | | |
|---|---|---|---|---|
| બિલ્ડીંગ ફંડ | ૫% પ્રમાણે | રૂા. | ૩૦,૪૫૩-૦૦ | પૈસા |
| ડીવીડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ | ૫% પ્રમાણે | રૂા. | ૩૦,૪૫૩-૦૦ | પૈસા |
| સહકાર પ્રચાર ફંડ | ૨% પ્રમાણે | રૂા. | ૧૨,૧૮૧-૦૦ | પૈસા |
| મહોત્સવ ફંડ | ૫૦% પ્રમાણે | રૂા. | ૩,૦૪,૫૩૪-૦૦ | પૈસા |
| સામાજિક વિકાસ ફંડ | ૩૦% પ્રમાણે | રૂા. | ૧,૮૨,૭૨૦-૦૦ | પૈસા |
| સ્ટાફ વેલ્ફેર ફંડ | ૩% પ્રમાણે | રૂા. | ૧૮,૨૭૨-૦૦ | પૈસા |
| ઇન્વેસ્ટમેન્ટ ફ્લકચ્યુએશન ફંડ | ૫% પ્રમાણે | રૂા. | ૩૦,૪૫૩-૦૦ | પૈસા |
| | કુલ ટોટલ | રૂા. | ૨૨,૨૫,૮૫૧-૦૦ | પૈસા |

આમ, ઉપરોક્ત કરેલ ચોખ્ખા નફાની ફાળવણી મંજૂર રાખવા સંચાલક મંડળ વતી આપ સૌને ભલામણ કરું છું. તેમજ મે. જીલ્લા રજીસ્ટ્રારશ્રી ના તા. ૦૨-૦૩-૨૦૨૦ના જા.પ.નં. બેકીંગ/૦૧/ક-૩/૨૨/૨૦૨૦ મુજબ અનામત ભંડોળ, ફાળવવા માટે મંજૂરી આપેલ છે તેને આજની સભાને બહાલી આપવા મંજૂર રાખવા પણ ભલામણ કરૂ છું.

**શેર ભંડોળ અને ડીવીડન્ડ :** વર્ષાન્તે ૧૪૦૮૨ સભાસદો પાસેથી **રૂા. ૭૬,૧૦,૭૫૦/-** શેરભંડોળ એકત્ર કરેલ છે.

ચાલુ વર્ષે સભાસદોને સહકારી કાયદાનુસાર આપી શકાય તેટલું **મહત્તમ ૧૫%** પ્રમાણે ડીવીડન્ડ વહેંચવા સંચાલક મંડળ વતી હું ભલામણ કરું છું જેને આપ સૌ મંજૂર રાખશો તેવી આશા રાખું છું. સભાસદ ડિવિડન્ડ માટે રીઝર્વ બેંકની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવશે.

**થાપણો :—** ખંભાત શહેરની ગૌરવ સમી આપણી બેંકના વિકાસમાં થાપણોનો ફાળો અગત્યનો છે. થાપણદારોના અપ્રતિમ વિશ્વાસ અને સહકારને કારણે જ તા. ૩૧-૦૩-૨૦૨૦ના રોજ વર્ષાન્તે થાપણો **રૂા. ૨૪,૩૦,૦૪,૭૬૮-૮૩** પૈસા થયેલ છે જે પ્રશંસનીય તેમજ પ્રેરણાદાયી છે. આપણી બેંક **"ડીપોઝીટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન"**માં નિયમિત પ્રીમીયમ ભરે છે અને **સપ્ટે.-૨૦૨૦** સુધીનું પ્રીમીયમ પણ ભરેલ છે જેના પરિણામે ડિપોઝીટ ઈન્શ્યોરન્સ સ્કીમ હેઠળ **રૂા. ૫,૦૦,૦૦૦/-** સુધીની વ્યક્તિગત થાપણો સુરક્ષિત છે.

**ધિરાણ :—** બેંકના સભાસદોએ આપણી બેંકમાંથી ધીરાણ મેળવવાનો આગ્રહ રાખવો જોઇએ. આપણી બેંક સભાસદોને તેઓના ધંધાના વિકાસ માટે વિવિધ પ્રકારનું ધિરાણ આપવા હરહંમેશ પ્રયત્નશીલ રહી છે. બેંકનો અભિગમ નાનામાં નાના માણસને ધિરાણ આપી તેમના આર્થિક વિકાસમાં સહયોગ કરવાનો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આપેલ માર્ગદર્શક સૂચનાઓની મર્યાદામાં રહીને બેંકના સભાસદોની ધિરાણ માટેની વિવિધ માંગણીઓ સંતોષવા બેંકનું સંચાલક મંડળ હરહંમેશ પ્રયત્નશીલ રહે છે. તદ્ઉપરાંત સભાસદોને N.S.C., K.V.P. અને સોનાના દાગીના સામે ત્વરિત ધિરાણ ફક્ત ૧૦%* ના વાર્ષિક વ્યાજદરે કરવામાં આવે છે. કાર લોન ફક્ત ૮.૫૦% થી ૯.૭૫% સુધીના વાર્ષિક વ્યાજદરે શરતોને આધિન ધિરાણ આપવામાં આવે છે.

સંચાલક મંડળના સભ્યો તથા કર્મચારીઓ દ્વારા મુદત વીતી બાકીદારો સાથે સંપર્ક કેળવી નાણાં વસૂલ કરવા સંનિષ્ઠ પ્રયત્નો કરેલ છે. પરિણામ સ્વરૂપે ગત વર્ષ કરતાં મુદતવીતી બાકી ઓછી રહેવા પામેલ છે. સૌ કર્જદાર પોતાના ધિરાણ બાબતે નિયમિત બની પોતાની અને બેંકની પ્રગતિમાં અન્યોન્ય સહકાર આપે તે ખૂબ જ જરૂરી છે. કરજ લેનાર તથા જામીનો બેંકના લેણાં માટે એકામતે એકાજૂથે જવાબદાર છે. બેંકની પ્રગતિમાં ધિરાણ વસૂલાતનું માળખું નિરોગી રહે તે જોવાની દરેક સભાસદની જવાબદારી તથા નૈતિક ફરજ છે.

**વિશેષ :—** જનસેવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા બેંકના **ધર્માદાફંડ** માંથી **રૂા.૨૩,૦૦૬/-** તથા **સામાજિક વિકાસફંડ** માંથી ગુજરી ગયેલ સભાસદોના વારસદારોને **રૂા. ૩,૬૪,૫૦૦/-** ની આર્થિક સહાય કરેલ છે. ઉપરાંત સરકારશ્રી તરફથી Covid-19 માટે દાન અંગે કરેલ અપીલને ધ્યાને લઈ **ધર્માદાફંડ** માંથી **રૂા.૨૫,૦૦૧/-** ની રકમ **"ચીફ મીનીસ્ટર રીલીફ ફંડ"** માં આપેલ છે.

આપણી બેંકે ગુજરાત સરકારે Covid-19 ની પરિસ્થિતીને કારણે જાહેર કરેલ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના હેઠળ જરૂરીયાતમંદ નાના વેપારીઓને ૮% ના વ્યાજ દરે ધિરાણ કરીને સામાજીક જવાબદારી નિભાવી છે.

| | |
|---|---|
| આત્મ નિર્ભર ગુજરાત સહાય યોજના - ૧ માં ખાતા સંખ્યા ૬૯ નં | રૂા. ૬૨,૨૫,૦૦૦/- |
| આત્મ નિર્ભર ગુજરાત સહાય યોજના - ૨ માં ખાતા સંખ્યા ૦૪ નં | રૂા. ૧૦,૦૦,૦૦૦/- |
| કુલ ૭૩ ખાતા તા. ૩૦-૯-૨૦૨૦ સુધી કુલ ધિરાણ | રૂા. ૭૨,૨૫,૦૦૦/- |

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી તા. ૩૧-૦૩-૧૮ સુધીના બેંકના કામકાજનું ઈન્સ્પેકશન કરવામાં આવેલ છે તેમાં તેઓએ બેંકની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરેલ છે.

બેકીંગ પદ્ધતિની સંગીનતા અને સ્થિરતાને સુદૃઢ કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ શહેરી સહકારી બેંકો માટે નક્કી કરેલ માપદંડની પૂર્તતા કરેલ છે જે આપણી બેંકનું ગૌરવ છે.

આપણી બેંકે **"ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક લી."** અમદાવાદ સાથે સંયોજન કરી ડિસે-૨૦૧૪ થી RTGS, NEFT ની સેવાઓ 'વિના મૂલ્યે' શરૂ કરેલ છે. માર્ચ-૨૦૨૦ સુધીમાં ઘણા વેપારીઓએ અને ગ્રાહકમિત્રોએ RTGS, NEFT ટ્રાન્જેક્શનનો લાભ લીધેલ છે.

આપ સહુ જાણો છો કે દરેક બેંકોમાં N.P.A. એ ખૂજ મોટો પ્રશ્ન છે. ત્યારે મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે બોર્ડના સભ્યોની સાવચેતી ભર્યા ધિરાણો કરવાની તથા સ્ટાફમીત્રોની બોરોઅર્સ ના ખાતામાં સતત દેખરેખ રાખવાથી બેંકનું ગ્રોસ N.P.A. વર્ષ ૨૦૧૯માં ૧૨.૬૪ લાખ થી વર્ષ ૨૦૨૦માં ઘટીને ૧૨.૬૨ થતા ૦.૦૨ લાખ N.P.A. ઘટેલ છે. પરીણામ સ્વરૂપે ગત વર્ષ કરતા મુદત વીતી બાકી ઓછી રહેવા પામેલ છે.

બેંકની વ્યવસ્થાપક-કમીટીની મીટીંગ તા. ૨૬-૦૭-૨૦૧૮ના ઠરાવ મુજબ બેંકે જ્યારે જ્યારે **"સભાસદ-ભેટ"** તરીકે રજત મુદ્રા વહેંચેલ જે સભાસદો લઈ ગયેલ નથી તેવા સભાસદોએ પોતાની બાકી **"સભાસદ-ભેટ"** તા. ૩૧-૧૦-૨૦૨૧ સુધીમાં મેળવી લેવાની રહેશે ત્યાર બાદ **"સભાસદ-ભેટ"** મેળવવા હક્કદાર રહેશે નહીં / મળશે નહીં જેની દરેક સભાસદોએ નોંધ લેવી.

**આભારદર્શન :—** આપણી બેંકની ૪૯ વર્ષની વિકસીત કામગીરીમાં જેનો સાથ અને સહકાર મળી રહ્યો છે તે સર્વે સભાસદો, થાપણદારો, ખાતેદારો, ગ્રાહકો, શહેરીજનો અને શુભેચ્છકોનો હું પ્રથમ હાર્દિક આભાર માનું છું. મારા સાથી સૌ કમિટી સભ્યોનું વિશિષ્ટ અને કિંમતી યોગદાન રહ્યું છે તે બદલ તેઓનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. વર્ષ દરમિયાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીશ્રીઓ, મે. જિલ્લા રજિસ્ટ્રારશ્રી તેમજ તેઓનું કર્મચારીગણ, ગુજરાત અર્બન કો. ઓપ. બેંક્સ ફેડરેશન, ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. તથા સ્થાનિક - રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ વિગેરે તરફથી પણ બેંકને ઉપયોગી માર્ગદર્શન મળ્યા છે તે સૌનો હુ આભાર માનું છું.

બેંકના વાઇસ-ચેરમેનશ્રી નીતીનભાઈ બ્રહ્મભટ્ટ, મેનેજીંગ ડિરેક્ટરશ્રી અનિલભાઈ શાહ, જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટરશ્રી મહેશભાઈ દાળીઆ તથા મારા અન્ય સાથી સભ્યોએ બેંકની સંગીન સમૃદ્ધિમાં ઉત્સાહપૂર્વક ઉંડો રસ લઈ બેંક માટે પોતાનો કિંમતી સમય ફાળવી બેંકની કાર્યવાહીમાં નિષ્ઠાપૂર્વક અભિનંદનીય ભાવના બતાવી છે. આ તબક્કે તેઓશ્રીનો આભાર માનું છું. બેંકના રીટાયર્ડ જનરલ મેનેજર, ચીફ અકાઉન્ટન્ટ તથા રીટાયર્ડ કર્મચારીઓના જરૂરી માર્ગદર્શન સાથ સહકાર મળેલ છે તેઓનો પણ હું આભાર માનું છું તેમજ બેંકના મેનેજરશ્રી તથા ઉત્સાહી કર્મચારીઓ કે જેમણે બેંકના વિકાસ અને પ્રગતિ માટે નિષ્ઠા અને વિનયપૂર્વક ઉમદા કામગીરી બજાવી છે તેમજ કોરોના મહામારીના સમયમાં પણ કોરોના વોરીયર્સ બનીને બેંક પ્રત્યેની તેમજ સમાજ પ્રત્યેની ફરજ બજાવી છે તે બદલ સૌને હું ધન્યવાદ આપું છું.

આવનાર વર્ષોમાં બેંકની પ્રગતિ અને વિકાસ માટે આપ સૌનો સાથ સહકાર મળશે અને આપણી બેંકની સિદ્ધિ, પ્રસિદ્ધિ તેમજ સમૃદ્ધિમાં સહભાગી બનનાર સૌનો ફરીથી અંતઃકરણપૂર્વક આભાર માની વિરમું છું....

જય સહકાર.... જયહિંદ.... આભાર....

આપનો સહકારી

**S/d- ખુશમનભાઈ શાંતીલાલ પટેલ – ચેરમેન**

# ધી ખંભાત નાગરિક

## તા. ૩૧ માહે માર્ચ ૨૦૧૯ ના

| તા. ૩૧-૦૩-૨૦૧૯ રૂા. પૈ. | ભંડોળ તથા દેવું | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈ. |
|---|---|---|---|
| ૧,૦૦,૦૦,૦૦૦=૦૦ | (૧) શેર ભંડોળ : | | ૧,૦૦,૦૦,૦૦૦=૦૦ |
| | (અ) મિલકત શેર થાપણ | ૧,૦૦,૦૦,૦૦૦=૦૦ | |
| | શેર નંગ - ૨,૦૦,૦૦૦ | | |
| | દરેક રૂા. ૫૦-૦૦ નો | | |
| | (બ) ભરાયેલા અને વસૂલ આવેલ શેર થાપણ | | |
| | ૧,૫૨,૨૧૫ | | |
| | શેર દરેક રૂા.૫૦-૦૦નો | | |
| ૭૬,૩૨,૯૦૦-૦૦ | (૧) વ્યક્તિઓને | ૭૬,૧૦,૭૫૦-૦૦ | |
| — | (૨) સહકારી સંસ્થાઓને | — | |
| — | (૩) રાજ્ય સરકારશ્રીના | — | ૭૬,૧૦,૭૫૦-૦૦ |
| | (૨) રીઝર્વ તથા અન્ય ફંડો : | | |
| ૫,૫૦,૨૭,૦૮૭-૧૨ | (૧) રીઝર્વ ફંડ | ૫,૫૮,૦૩,૧૦૫-૬૨ | |
| ૭૦,૨૩,૬૦૧-૪૧ | (૨) બીલ્ડીંગ ફંડ | ૭૦,૩૫,૧૧૦-૪૧ | |
| ૨,૦૩,૬૭,૦૦૫-૭૧ | (૩) ડૂબત લેણાં ફંડ | ૧,૯૪,૯૩,૦૮૦-૭૧ | |
| — | (૪) બીડીડીઆર યુ/એસ ૩૬ (I)(VIIa) | ૧,૫૦,૯૦૦૦-૦૦ | |
| ૨૨,૫૩,૦૦૮-૫૦ | (૫) ડીવીડન્ડ ઈક્વી. ફંડ | ૨૨,૬૪,૫૧૭-૫૦ | |
| ૧૧,૩૫,૫૭૬-૬૬ | (૬) ધર્માદા ફંડ | ૧૧,૧૧,૫૭૪-૬૬ | |
| ૭,૯૩,૦૪૦-૨૩ | (૭) સહકાર પ્રચાર ફંડ | ૭,૯૭,૬૪૪-૨૩ | |
| ૬૮,૨૧,૧૭૮-૩૦ | (૮) મહોત્સવ ફંડ | ૭૯,૩૬,૨૭૦-૩૦ | |
| ૧૦,૩૭,૮૫૮-૩૧ | (૯) સામાજીક વિકાસ ફંડ | ૭,૪૨,૪૧૩-૩૧ | |
| ૩,૯૨,૬૯૮-૪૭ | (૧૦) સ્ટાફ વેલફેર ફંડ | ૩,૯૯,૬૦૩-૪૭ | |
| ૩,૦૦,૦૦૦-૦૦ | (૧૧) સ્ટાન્ડર્ડ એસેટ્સ પ્રોવીઝન | ૩,૦૦,૦૦૦-૦૦ | |
| ૨૭,૮૨,૭૪૬-૦૦ | (૧૨) રોકાણો ઉપર ઘસારા ફંડ | ૨૭,૮૨,૭૪૬-૦૦ | |
| ૨૮,૭૪૬-૦૦ | (૧૩) રોકાણ વધઘટ ફંડ | ૪૦,૨૫૫-૦૦ | ૧૦,૦૨,૧૫,૩૨૧-૨૧ |
| — | (૩) પ્રિન્સીપાલ સબસીડીયર | | — |
| | સ્ટેટ પાર્ટનરશીપ ફંડ | | |
| | (૪) થાપણો અને અન્ય ખાતાઓ | | |
| | (૧) બાંધી મુદત થાપણો : | | |
| ૯,૩૭,૨૭,૩૦૦-૦૦ | (૧) વ્યક્તિઓ | ૮,૯૨,૬૧,૯૧૧-૦૦ | |
| — | (૨) મધ્યસ્થ સહકારી બેંકો | — | |
| ૪૩,૨૫,૨૧૪-૦૦ | (૩) અન્ય મંડળીઓ | ૬૯,૨૦,૩૯૪-૦૦ | |
| ૩,૮૭,૬૦૦-૦૦ | (૨) રીકરીંગ થાપણ : | ૪,૫૧,૫૦૦-૦૦ | |
| | (૩) સેવીંગ્સ બેંક ડીપોઝીટ | | |
| ૧૧,૮૫,૮૫,૧૨૬-૫૫ | (૧) વ્યક્તિઓ | ૧૧,૯૧,૪૧,૭૯૦-૪૦ | |
| — | (૨) મધ્યસ્થ સહકારી બેંકો | — | |
| ૭૬,૦૯,૮૬૨-૩૧ | (૩) અન્ય મંડળીઓ | ૬૪,૦૬,૭૫૫-૫૬ | |
| | (૪) ચાલુ થાપણો અને | | |
| | મેચ્યોર્ડ બાંધી મુદત થાપણો | | |
| ૧,૪૭,૯૦,૬૩૫-૮૦ | (૧) વ્કિતઓ | ૧,૭૬,૮૨,૭૦૬-૬૮ | |
| — | (૨) મધ્યસ્થ સહકારી બેંકો | — | |
| ૩,૦૬,૪૦૭-૭૬ | (૩) અન્ય મંડળીઓ | ૩,૩૦,૯૨૩-૨૧ | |
| ૩૪,૫૩,૨૭,૫૯૩-૧૩ | સરવાળો આગળ લઈ ગયા | ૨૪,૦૧,૯૫,૯૮૦-૮૫ | ૧૦,૭૮,૨૬,૦૭૧-૨૧ |

# સહકારી બેંક લી., ખંભાત.
## રોજનું પાકું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૧૯ રૂા. પૈ. | મિલ્કત તથા લ્હેણું | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈ. |
|---|---|---|---|
| | (૧) રોકડ સિલક | | |
| ૩૮,૪૭,૪૩૪-૪૪ | (૧) હાથ ઉપર સિલક | ૬૨,૪૬,૭૩૫-૫૭ | |
| — | (૨) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયામાં | — | |
| ૬,૯૬,૦૫૨-૧૦ | (૩) સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં | ૫,૨૫,૦૨૭-૧૦ | |
| ૬૫,૮૬,૬૭૬-૯૩ | (૪) સ્ટેટ કો. ઓપ. બેંકમાં | ૬૦,૪૯,૫૫૮-૫૨ | |
| ૪,૬૫,૮૨૫-૩૪ | (૫) ડીસ્ટીક્ટ કો. ઓપ. બેંકમાં | ૧,૨૦,૦૦૦-૦૦ | |
| ૧,૨૫,૦૦૦-૦૦ | (૬) અન્ય રાષ્ટ્રીયકૃત બેંકમાં | ૩,૫૫,૦૦૦-૦૦ | ૧,૩૨,૯૬,૩૨૧-૧૯ |
| | (૨) અન્ય બેંકમાં સિલક | | |
| ૧૮,૮૨,૬૫૨-૭૨ | (૧) ચાલુ થાપણો આઈ.સી.આઈ.સી.આઈ.બેંક | ૫૫,૦૩,૬૨૬-૪૯ | |
| ૨,૮૫,૦૦,૦૦૦-૦૦ | (૨) બાંધી મુદત થાપણો (એપેન્ડીક્ષ -એ મુજબ) | ૩,૧૨,૧૮,૦૬૦-૦૦ | |
| | | | ૩,૬૭,૨૧,૬૮૬-૪૯ |
| — | (૩) ટુંકી મુદત અને કોલ ડીપોઝીટ : | — | |
| | (૪) રોકાણો : | | |
| ૨૫,૪૩,૪૫,૦૦૦-૦૦ | (૧) રાજ્ય/કેન્દ્ર સરકારની જામીનગીરીઓ | ૨૫,૪૨,૬૧,૪૪૦-૦૦ | |
| ૧૨,૧૦૦-૦૦ | (૨) ધી ખેડા જિલ્લા બેંકના શેરો | ૧૨,૧૦૦-૦૦ | |
| ૫,૦૦૦-૦૦ | (૩) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેન્કના શેરો | ૫,૦૦૦-૦૦ | |
| | | | ૨૫,૪૨,૭૮,૫૪૦-૦૦ |
| — | (૫) પ્રિન્સીપલ સબસીડીયરી સ્ટેટ પાર્ટનરશીપ ફંડ ખાતુ | | |
| | (૬) ધિરાણ : | | |
| ૨,૧૧,૯૫,૧૨૪-૭૧ | (૧) ટુંકી મુદતનું ધિરાણ જે પૈકી મુદત વીતી રકમ રૂા. ૯,૬૯,૭૫૧-૯૯ પૈ. | ૨,૧૨,૦૯,૭૦૬-૪૮ | |
| ૨,૯૨,૩૬,૩૯૮-૫૯ | (૨) મધ્યમ મુદતનું ધિરાણ જે પૈકી મુદત વીતી રકમ રૂા. ૬,૧૦,૨૨૮-૧૪ પૈ. | ૨,૩૫,૧૪,૩૪૫-૮૯ | |
| ૧૯,૨૯,૧૪૨-૦૦ | (૩) લાંબી મુદતનું ધિરાણ જે પૈકી મુદત વીતી રકમ રૂા. ૦-૦૦ પૈ. | ૧૮,૦૨,૦૧૭-૦૦ | ૪,૬૫,૨૬,૦૬૯-૩૭ |
| ૬૧,૨૪,૪૨૨-૦૦ | (૭) મળવાપાત્ર વ્યાજ : (રોકાણો) | | ૬૧,૫૦,૩૦૨-૦૦ |
| ૧,૮૭,૨૮,૯૪૪-૦૦ | (૮) મળવાપાત્ર વ્યાજ : ઓડ્યુ | | ૨,૧૪,૦૫,૫૭૫-૦૦ |
| ૩૭,૩૬,૭૯,૭૭૨-૮૩ | સરવાળો આગળ લઈ ગયા... | — | ૩૭,૮૩,૭૮,૪૯૪-૦૫ |

# ધી ખંભાત નાગરિક

## તા. ૩૧ માહે માર્ચ ૨૦૨૦ ના

| તા. ૩૧-૦૩-૨૦૧૯ રૂા. પૈ. | ભંડોળ તથા દેવુ | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈ. |
|---|---|---|---|
| ૩૪,૫૩,૨૭,૫૯૩-૧૩ | સરવાળો આગળથી લાવ્યા.... | ૨૪,૦૧,૯૫,૯૮૦-૮૫ | ૧૦,૭૮,૨૬,૦૭૧-૨૧ |
| — | (૫) કોલ અને ટુંકી મુદતો : | — | — |
| | (૬) અન્ય થાપણો : | | |
| ૧૯,૫૪,૭૫૮-૮૫ | ધીરાણ ખાતાઓની જમા રકમો | ૨૮,૦૮,૭૮૭,૯૮ | |
| | | | ૨૪,૩૦,૦૪,૭૬૮-૮૩ |
| — | (૫) કરજ | | — |
| — | (૬) બીલ્સ સેન્ટ ફોર કલેક્શન : | | — |
| — | (૭) શીખાના હવાલા | | — |
| ૩,૧૦,૦૦૦-૦૦ | (૮) ઓવરડ્યુ વ્યાજ રીઝર્વ | | ૩,૧૦,૦૦૦-૦૦ |
| ૧,૮૭,૨૮,૯૪૪-૦૦ | (૯) ઓવરડ્યુ વ્યાજ રીઝર્વ-લોન એન્ડ એડવાન્સ | | ૨,૧૪,૦૫,૫૭૫-૦૦ |
| ૪૧,૫૯,૭૩૫-૯૬ | (૧૦) ચુકવવા પાત્ર વ્યાજ | | ૨૬,૮૧,૨૨૨-૪૫ |
| | (૧૧) અન્ય જવાબદારીઓ : | | |
| ૮,૨૪,૬૭૫-૧૩ | (૧) ડીવીડન્ડ પેએબલ | ૮,૭૬,૫૬૪-૫૨ | |
| ૧૫,૬૭,૮૪૮-૨૦ | (૨) પરચુરણ દેવા | ૧૫,૨૮,૨૯૫-૨૦ | |
| ૨,૫૦૦-૦૦ | (૩) શેર અરજી અનામત | ૧,૯૫૦-૦૦ | |
| ૩,૦૭,૮૫,૫૦૦-૦૦ | (૪) સ્ટાફ પ્રોવીડન્ડ ફંડ થાપણ | ૩,૨૫,૩૨,૪૩૬-૩૩ | |
| ૩૫,૩૦,૭૦૦-૦૦ | (૫) સ્ટાફ લીવ પ્રોવીઝન | ૪૦,૨૧,૨૦૦-૦૦ | |
| ૦-૦૦ | (૬) જીએસટી આઉટ પુટ | ૨૪,૮૫૩-૦૦ | |
| ૩૫,૭૭૬-૪૦ | (૭) બીલ પેબલ (અન પેડ ડીડી) | ૧,૭૫,૦૪૩-૦૦ | |
| | | | ૩,૯૧,૬૦,૩૪૨-૦૫ |
| — | (૧૧) નફા-તોટા ખાતે : | | |
| | ગયા વર્ષની બાકી | ૨૪,૦૦,૫૦૧-૦૦ | |
| | બાદ : વહેંચણી | ૨૪,૦૦,૫૦૧-૦૦ | |
| ૨૪,૦૦,૫૦૧-૦૦ | ચાલુ વર્ષના નફા / નુકશાન ખાતેથી લાવ્યા | | ૨૨,૨૫,૮૫૧-૦૦ |
| ૪૦,૯૬,૨૮,૫૩૨-૬૭ | સરવાળો | | ૪૧,૬૬,૧૩,૮૩૦-૫૪ |
| | (૧૨) કન્ટીજન્ટ એકાઉન્ટ - અન્ય જવાબદારી | | — |
| | (એ) આપેલી બાંહેધરી પેટે | | |
| | લીધેલ જવાબદારીઓ રૂા. ૦.૦૦ | | — |
| ૫૭,૫૦,૯૬૫-૪૧ | (બી) ડીઇએફ - ૨૦૧૪ (અન ઓપરેટ એકા. ટ્રાન્સફર ટુ આરબીઆઈ સ્કીમ) | | ૬૨,૫૨,૫૧૯-૪૧ |
| ૪૧,૫૩,૭૯,૪૯૮-૦૮ | સરવાળો | — | ૪૨,૨૮,૬૬,૩૪૯-૯૫ |

| | | |
|---|---|---|
| શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ<br>: ચેરમેન : | શ્રી અનિલભાઈ નવિનચંદ્રભાઈ શાહ<br>: મેનેજીંગ ડીરેક્ટર : | શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ<br>: મેનેજર : |
| શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ<br>: વાઈસ ચેરમેન : | શ્રી મહેશભાઈ જયંતીલાલ દાળીયા<br>: જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર : | શ્રી ભરત એન. રાવલ<br>: એકાઉન્ટન્ટ : |

### વ્યવસ્થાપક - કમીટી સભ્યો

શ્રી નવીનચંદ્ર ગફુરભાઈ પટેલ
શ્રી હરીશભાઈ રતીલાલ પટેલ
શ્રી શશીકાંતભાઈ શાંતિલાલ પટેલ
શ્રી કંચનલાલ ગફુરભાઈ રાણા
શ્રીમતી સોનલબેન કલ્પેશભાઈ ચોકસી
શ્રીમતી મીનાક્ષીબેન હિરાલાલ પટેલ
શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ કાપડીઆ
શ્રી ગીરધરલાલ વેલસીભાઈ બેલાણી (તા. ૦૬-૧૦-૨૦૧૯ સુધી)
શ્રી દીનેશચંદ્ર કાંતીલાલ પટેલ
શ્રી પ્રીતીનભાઈ ચંપકલાલ સુતરીયા
શ્રી કલ્પેશભાઇ કેસરીચંદ શાહ (તા. ૧૯-૧૧-૨૦૧૯ થી)
શ્રી ઈશ્વરભાઈ મોતીભાઇ પરમાર
શ્રી પ્રકાશભાઈ મણીલાલ શાહ - પ્રોફે.ડિરેક્ટર

# સહકારી બેંક લી., ખંભાત.

## રોજનું પાકું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૧૯ રૂ. પૈ. | મિલ્કત તથા લ્હેણું | રૂ. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂ. પૈ. |
|---|---|---|---|
| ૩૭,૩૬,૭૯,૭૭૨-૮૩ | સરવાળો આગળથી લાવ્યા.... | —— | ૩૭,૮૩,૭૮,૪૯૪-૦૫ |
| ૦-૦૦ | (૯) બીલ્સ રીસીવેબલ | — | ૦-૦૦ |
| — | (૧૦) શાખાના હવાલા | — | — |
| ૬,૦૫,૪૪૦-૦૦ | (૧૧) મકાન ખાતે | — | ૫,૭૫,૧૬૮-૦૦ |
| ૩,૫૮,૬૯૭-૦૦ | (૧૨) ફર્નીચર અને ફીક્ષ્ચર્સ | — | ૩,૦૮,૨૧૫-૦૦ |
| ૩,૯૪,૮૭૦-૦૦ | (૧૩) સેઈફ ડીપોઝીટ લોકર્સ | — | ૩,૫૫,૩૮૩-૦૦ |
| ૧,૬૮,૪૧૫-૦૦ | (૧૪) કોમ્પ્યુટર | — | ૩,૦૦,૮૪૩-૩૪ |
| ૫૧,૪૮૬-૦૦ | (૧૫) ઇલેક્ટ્રીક ફીટીંગ્સ | — | ૪૬,૩૩૭-૦૦ |
| | (૧૬) અન્ય અસ્કયામતી : | | |
| ૫૦૦-૦૦ | (૧) પ્રોવીડન્ડ ફંડ સ્પે. સેવીંગ એકાઉન્ટ | ૩,૦૪૭-૩૩ | |
| ૩,૦૭,૮૫,૦૦૦-૦૦ | (૨) સ્ટાફ પ્રોવીડંડ ફંડ એફડીઆર GOI | ૩,૨૫,૨૯,૩૮૯-૦૦ | |
| ૩૫,૩૦,૭૦૦-૦૦ | (૩) સ્ટાફ લીવ પ્રોવિઝન FDR | ૪૦,૨૧,૨૦૦-૦૦ | |
| ૩,૭૫૫-૦૦ | (૪) સ્પેશ્યલ અધેસીવ સ્ટેમપસ | ૧૦,૨૦૦-૦૦ | |
| ૦-૦૦ | (૫) ટેલીફોન ડીપોઝીટ | ૫,૦૦૦-૦૦ | |
| ૫,૬૪૦-૦૦ | (૬) ટેલીફોન ડીપોઝીટ | ૫,૬૪૦-૦૦ | |
| ૭,૭૯૧-૨૬ | (૭) અનપેડ કલેઈમ ફ્રોમ ડીઈએએફ | ૧૮,૦૦૫-૪૦ | |
| ૦-૦૦ | (૮) ડીઈએએફ ઈન પેઈડ ફ્રોમ કલેઈમ | ૮૫૩-૦૦ | |
| ૨૬,૪૬૫-૫૮ | (૯) જીએસટી ઇનપુટ | ૪૧,૯૩૭-૦૨ | |
| ૦-૦૦ | (૧૦) જીએસટી ઇનપુટ - આરસીએમ | ૪,૧૧૮-૪૦ | |
| ૧૦,૦૦૦-૦૦ | (૧૧) સીકેવાયસી વોલેટ | ૧૦,૦૦૦-૦૦ | ૩,૬૬,૪૯,૩૯૦-૧૫ |
| ૪૦,૯૬,૨૮,૫૩૨-૬૭ | સરવાળો | | ૪૧,૬૬,૧૩,૮૩૦-૫૪ |
| — | (૧૭) કન્ટીજન્ટ એકાઉન્ટ - અન્ય જવાબદારી | | |
| ૫૭,૫૦,૯૬૫-૪૧ | (એ) ડીઈએએફ - ૨૦૧૪ (રીસીવેબલ) (અન ઓપરેટ એકા. TRF ટુ આરબીઆઈ સ્કીમ) | | ૬૨,૫૨,૫૧૯-૪૧ |
| ૪૧,૫૩,૭૯,૪૯૮-૦૮ | સરવાળો | — | ૪૨,૨૮,૬૬,૩૪૯-૯૫ |

### એપેન્ડીક્ષ - એ

મિલ્કત તથા લ્હેણું

(૨) અન્ય બેંકોમાં કરેલ રોકાણો

(૩) બાંધી મુદ્દત થાપણો : કુલ રૂા. ૩,૧૨,૧૮,૦૬૦-૦૦

| અ. નં. | બેંકનું નામ | સ્થળ | રકમ રૂા. (તા.૩૧/૦૩/૧૯ ના રોજ) | રકમ રૂા. (તા.૩૧/૦૩/૨૦ ના રોજ) |
|---|---|---|---|---|
| ૧. | ધી ખેડા જિ.મ.સ. બેંક લી. | ખંભાત | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ | ૧,૦૭,૦૮,૦૬૦-૦૦ |
| ૨. | ધી ગુજરાત સ્ટે કો.ઓ. બેંક લી. | અમદાવાદ | ૫૦,૦૦,૦૦૦-૦૦ | ૫૦,૦૦,૦૦૦-૦૦ |
| ૩. | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા | ખંભાત | ૫૦,૦૦,૦૦૦-૦૦ | ૧,૧૦,૧૦,૦૦૦-૦૦ |
| ૪. | યુકો બેંક | ખંભાત | ૮૫,૦૦,૦૦૦-૦૦ | ૪૫,૦૦,૦૦૦-૦૦ |
| | | કુલ..... | ૨,૮૫,૦૦,૦૦૦-૦૦ | ૩,૧૨,૧૮,૦૬૦-૦૦ |

: ઓડિટર :

આર. એચ. ગર્ગ એન્ડ કું.
Charted Accountants
(સી.એ. રાકેશ ગર્ગ)
પ્રોપાયટર મેમ. નં.
૧૦૫૨૭૦
પેનલ નં. - ૨૫૦
સુરત

# ધી ખંભાત નાગરિક

## તા. ૩૧ માહે માર્ચ ૨૦૨૦ ના

| તા. ૩૧-૦૩-૨૦૧૯ રૂા. પૈ | ખર્ચ | તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈ |
|---|---|---|
| ૧,૦૪,૩૧,૩૧૧-૦૯ | (૧) થાપણો કરજ વિગેરે વ્યાજ | ૯૦,૧૦,૮૫૯-૪૯ |
| ૧,૦૨,૩૭,૫૮૭-૦૦ | (૨) પગાર ભથ્થા તથા પ્રો. ફંડ | ૧,૧૪,૭૩,૬૯૨-૦૦ |
| — | (3) કમીટીના સભ્યની ફી તથા ભાડાભથ્થા | — |
| ૫,૯૯,૧૦૬-૪૨ | (૪) ટેક્ષ, મકાન, કર વિમો વિજળી ખર્ચ | ૬,૦૫,૯૫૬-૫૪ |
| ૧,૭૯૮-૦૦ | (૫) કોર્ટ ફી તથા વકીલ ફી | ૮૨૨-૦૦ |
| ૪૫,૨૧૫-૯૨ | (૬) તાર-ટપાલ ટેલીફોન | ૫૦,૩૮૪-૧૦ |
| ૧,૪૩,૭૦૦-૦૦ | (૭) ઓડીટ ફી | ૧,૫૯,૦૦૦-૦૦ |
| ૬,૭૦,૯૧૩-૭૨ | (૮) મિલ્કતોની મરામત તથા ઘસારો | ૪,૩૩,૯૩૮-૦૪ |
| ૬૦,૦૪૬-૮૪ | (૯) સ્ટેશનરી, છપામણી, જાહેરાત વિ. | ૭૩,૩૮૯-૫૨ |
| ૦-૦૦ | (૧૦) બીન બેન્કીંગ માલ-મિલ્કતના વેચાણથી થયેલ નુકશાન | ૦-૦૦ |
| ૧,૯૪,૯૧૨-૦૨ | (૧૧) પરચુરણ ખર્ચ | ૨,૩૪,૫૨૪-૩૦ |
| ૧૬,૯૨૪-૪૩ | (૧૨) કલીયરીંગ ચાર્જીસ | ૧૬,૭૮૬-૯૪ |
| ૪,૭૪૭-૦૦ | (૧૩) મુસાફરી ખર્ચ | ૧૦,૦૧૧-૦૦ |
| ૩૫,૩૧૦-૦૦ | (૧૪) લવાજમ | ૩૮,૦૦૦-૦૦ |
| ૯,૧૬,૫૧૬-૦૦ | (૧૫) ગ્રેજ્યુઈટી ખર્ચ | ૮,૦૯,૬૭૫-૦૦ |
| ૦-૦૦ | (૧૬) ઈલેકશન ખર્ચ | ૦-૦૦ |
| ૨,૨૩,૧૯૫-૦૦ | (૧૭) જીઓઆઈ સીક્યુરીટી પ્રીમીયમ પેઈડ ખર્ચ | ૮૩,૫૬૦-૦૦ |
| ૧,૦૦૦-૦૦ | (૧૮) પ્રોફેશનલ ટેક્ષ | ૧,૦૦૦-૦૦ |
| ૧૮,૨૯૮-૪૭ | (૧૯) સર્વિસ ટેક્ષ | ૦-૦૦ |
| ૨૧,૨૪,૩૫૭-૦૦ | (૨૦) ઈન્કમટેક્ષ | ૧૫,૨૯,૨૯૦-૦૦ |
| ૨,૬૦,૦૪૫-૦૦ | (૨૧) સીક્યુરીટી ગાર્ડ સર્વિસ ચાર્જ | ૨,૭૦,૮૮૪-૦૦ |
| ૩,૯૬,૬૮૦-૦૦ | (૨૨) એડહોક પગાર | ૪,૨૮,૫૦૦-૦૦ |
| ૧,૬૯,૭૩૯-૨૧ | (૨૩) ઇનએલીજીબલ - જીએસટી | ૯૭,૬૬૫-૮૧ |
| ૨,૬૫,૫૧,૪૦૩-૧૨ | કુલ ખર્ચ | ૨,૫૩,૨૭,૯૩૮-૭૪ |
| ૫૪,૫૯,૫૦૧-૦૦ | જોગવાઈ પહેલાનો નફો બાદ - જોગવાઈઓ | ૩૫,૦૦,૮૫૧-૦૦ |
| ૫,૫૯,૦૦૦-૦૦ | બીડીઆર કલમ-૩૬ (૧) (VIIa) (૧) ૨,૭૫,૦૦૦-૦૦ | |
| ૨૫,૦૦,૦૦૦-૦૦ | મહોત્સવ ફંડ રીઝર્વ ૧૦,૦૦,૦૦૦-૦૦ | ૧૨,૭૫,૦૦૦-૦૦ |
| ૨૪,૦૦,૫૦૧-૦૦ | ચોખ્ખો નફો સરવૈયામાં લઈ ગયા તે | ૨૨,૨૫,૮૫૧-૦૦ |
| ૩,૨૦,૧૦,૯૦૪-૧૨ | કુલ | ૨,૮૮,૨૮,૭૮૯-૭૪ |

| | | |
|---|---|---|
| શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ<br>: ચેરમેન : | શ્રી અનિલભાઈ નવિનચંદ્રભાઈ શાહ<br>: મેનેજીંગ ડીરેક્ટર : | શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ<br>: મેનેજર : |
| શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ<br>: વાઈસ ચેરમેન : | શ્રી મહેશભાઈ જયંતીલાલ દાળીયા<br>: જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર : | શ્રી ભરત એન. રાવલ<br>: એકાઉન્ટન્ટ : |

**વ્યવસ્થાપક - કમીટી સભ્યો**

શ્રી નવીનચંદ્ર ગફુરભાઈ પટેલ
શ્રી હરીશભાઈ રતીલાલ પટેલ
શ્રી શશીકાંતભાઈ શાંતિલાલ પટેલ
શ્રી કંચનલાલ ગફુરભાઈ રાણા
શ્રીમતી સોનલબેન કલ્પેશભાઈ ચોકસી
શ્રીમતી મીનાક્ષીબેન હિરાલાલ પટેલ
શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ કાપડીઆ
શ્રી ગીરધરલાલ વેલસીભાઈ બેલાણી (તા. ૦૬-૧૦-૨૦૧૯ સુધી)
શ્રી દીનેશચંદ્ર કાંતીલાલ પટેલ
શ્રી પ્રીતીનભાઈ ચંપકલાલ સુતરીયા
શ્રી કલ્પેશભાઇ કેસરીચંદ શાહ (તા. ૧૯-૧૧-૨૦૧૯ થી)
શ્રી ઈશ્વરભાઈ મોતીભાઇ પરમાર
શ્રી પ્રકાશભાઈ મણીલાલ શાહ - પ્રોફે. ડિરેકટર

**: ઓડિટર :**

આર. એચ. ગર્ગ એન્ડ કું.
Charted Accountants
(સી.એ. રાકેશ ગર્ગ)
પ્રોપાયટર મેમ. નં.
૧૦૫૨૭૦
પેનલ નં. - ૨૫૦
સુરત

# સહકારી બેંક લી., ખંભાત.

## રોજ પુરા થતા વર્ષનું નફા - નુકશાન ખાતું

| તા. ૩૧-૦૩-૨૦૧૯ રૂા. પૈ | આવક | તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈ |
|---|---|---|
| ૩,૦૩,૫૬,૭૯૧-૭૮ | (૧) વ્યાજ અને વળતર | ૨,૭૧,૪૦,૮૬૨-૫૦ |
| ૬,૭૪૪-૧૧ | (૨) વટાવ, દલાલી એક્ષચેન્જ | ૪,૩૬૧-૭૩ |
| — | (૩) સહાય તથા દાન | — |
| — | (૪) બીન બીન્કીંગ મિલ્કતના વેચાણનો નફો | ૯૬૩-૦૦ |
| ૧,૦૬,૪૦૩-૧૩ | (૫) પરચુરણ આવક | ૮૧,૩૪૧-૮૯ |
| ૯૧૪-૪૨ | (૬) શેર ટ્રાન્સફર ફી | ૮૦૦-૮૬ |
| ૨,૨૦૨-૦૦ | (૭) ઇન્વેસ્ટમેન્ટ પર ડીવીડન્ડ | ૨,૨૦૨,-૦૦ |
| ૧૨,૦૮,૨૯૪-૯૦ | (૮) લોકર્સ ભાડાની આવક | ૧૩,૪૫,૪૯૨-૩૬ |
| ૧૩૮-૯૮ | (૯) પ્રાયમીનીસ્ટર ઇન્સ્યુ. સ્કીમ કમિશન | ૧૩૮-૯૮ |
| ૬૯,૪૧૪-૮૦ | (૧૦) ચેકબુક અને અન્ય ચાર્જીસ | ૭૨,૬૨૬,૪૨ |
| ૨,૬૦,૦૦૦-૦૦ | (૧૧) પીટુએફ ક્લીયરીંગ હાઉસરેન્ટ | ૧,૮૦,૦૦૦-૦૦ |
| ૩,૨૦,૧૦,૯૦૪-૧૨ | કુલ | ૨,૮૮,૨૮,૭૮૯-૭૪ |

## એનેક્ષર : ઈ

## ઓડીટર નો અહેવાલ-૨૦૧૯-૨૦

ધી ખંભાત નાગરીક સહકારી બેંક લી.

પ્રતિ,

તમામ સભાસદશ્રી,

આપની બેંકના હિસાબી વર્ષ ૨૦૧૯-૨૦ ના સ્ટેચ્યુટરી ઓડીટર તરીકે અમારી નિમણુંક રજીસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના હુકમ ક્રમાંક : અષણ / ૨૪૬૦ / જ-૪ / ૩૦૫ / ૨૦૨૦ તા. ૦૯-૦૭-૨૦૨૦થી કરવામાં આવેલ હતી. અમોએ અમારી ઓડીટ કામગીરી બેંક દ્વારા વખતો વખત પુરી પાડવામાં આવેલ માહીતીના આધારે પૂર્ણ કરેલ છે. આ સંસ્થાનું પાકું સરવૈયું, નફા-નુકશાન પત્રક તથા હિસાબી દફતરની ચકાસણી કરી નીચે મુજબ અહેવાલ રજુ કરીએ છીએ.

આ નાણાંકીય પત્રકોની જવાબદારી બેંકના સંચાલકોની છે, અમારી જવાબદારી અમોએ કરેલ અન્વેષણની કામગીરીને આધારીત નાણાંકીય પત્રકો અંગે અભિપ્રાય આપવાની છે. અમોએ કામગીરી ભારતવર્ષના પ્રવર્તમાન અન્વેષણના સામાન્ય ધોરણોને ધ્યાનમાં રાખીને કરેલ છે. આ ધોરણોની જરૂરીયાત પ્રમાણે અમારે અન્વેષણનું આયોજન અને કાર્ય એ રીતે કરવાનું રહે છે કે, જેથી નાણાંકીય પત્રકો કોઈપણ જાતની અગત્યની ગેરરજુઆતોથી મુક્ત છે કે કેમ તે અંગેની જરૂરી ખાત્રી અમોને મળી શકે. અન્વેષણની કામગીરીમાં હિસાબોના જરૂરી પુરાવાની આંશિક તપાસણી અને નાણાંકીય પત્રકોમાં દર્શાવવાની જરૂરી વિગતોના અભ્યાસનો સમાવેશ આવી જાય છે. અન્વેષણની કામગીરીમાં ઉપયોગમાં લેવાયેલા નાણાં સિધ્ધાંતો આ સાથે સામેલ કરેલ હિસાબી નિતીઓ અને સંચાલકો દ્વારા કરવામાં આવેલ અગત્યનાં અંદાજોની ચકાસણી કરવામાં આવે છે. આ ઉપરાંત નાણાંકીય પત્રકોની યોગ્ય રજુઆતની આકારણી અન્વેષણમાં આવરી લેવાયેલ છે. અમે માનીએ છીએ કે, અમારા અન્વેષણની કામગીરી અમોને અભિપ્રાય આપવા માટે યોગ્ય ટેકો આપે છે.

૧) બેંકના વ્યવસ્થાપક સમિતી દ્વારા બેંકનો વહીવટ સહકારી કાયદા-કાનુનની જોગવાઈઓ અને પેટા નિયમને આધીન રહીને ચલાવવામાં આવે છે.
૨) બેંકની વ્યવસ્થાપક સમિતિ દ્વારા આર.બી.આઈ. ના વખતો વખતના સરક્યુલર્સ / ઠરાવો અને માર્ગદર્શક સુચનાઓ વિગેરેનું પાલન કરવામાં આવે છે.
૩) બેંકમાં હિસાબી દફતર વાર્ષિક હિસાબો-હિસાબી પદ્ધતિ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની સુચના-સહકારી કાયદાની જોગવાઈઓના સંદર્ભે નિભાવવામાં આવેલ છે.
૪) બેંકનું સરવૈયું બેંકની આર્થિક પરિસ્થિતિનું વાસ્તવિક ચિત્ર દર્શાવે છે. તા. ૩૧-૩-૨૦૨૦ના રોજના સરવૈયામાં દર્શાવેલ મુડી-દેવા અને મિલકત-લેણાંની પરિસ્થિતિ વાસ્તવિક અને ખરી છે. તેમજ તા. ૩૧-૩-૨૦ના રોજ પુરા થતા વર્ષના નફા-નુકશાન ખાતામાં દર્શાવેલ નફો ચાલુ સાલનો સાચો તથા વ્યાજબી છે.
૫) બેંક દ્વારા એસ.એલ.આર. અને સી.આર.આર. ના ધોરણ જળવાયેલ છે.
૬) બેંક દ્વારા આર.બી.આઈ.ની એન.પી.એ. અંગેની ગાઈડ લાઈન્સ મુજબ મિલ્કતોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. અને તે અંગે પર્યાપ્ત જોગવાઈ કરવામાં આવેલ છે.
૭) બેંકના વ્યવસ્થાપક મંડળના સભ્યોને અને તેમના કુટુંબીજનોને વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન એફ.ડી.ઓ.ડી.સિવાય કોઈ ધિરાણ કરવામાં આવેલ નથી, જે અંગેનું પ્રમાણપત્ર બેન્કે અમોને આપેલ છે.
૮) બેંકના હોદ્દેદારો કે ડિરેક્ટર્સશ્રી દ્વારા સહકારી કાયદા-કાનુન કે પેટા નિયમોની જોગવાઈ મુજબ ગેરલાયકાત વ્હોરેલ નથી, જે અંગેનું પ્રમાણપત્ર બેન્કે અમોને આપેલ છે.
૯) બેંકના કાર્યવાહકો દ્વારા ચાલુ સાલે "વન-ટાઈમ સેટલમેન્ટ યોજના" અન્વયે કોઈ કિસ્સા આવરી લેવાયેલ નથી કે "ડીપોઝીટ સેટ ઓફ યોજના" કિસ્સા બનેલા નથી.
૧૦) હિસાબી વર્ષ દરમ્યાન લેણાં માંડવાળ કરવાના કિસ્સામાં આર.બી.આઈ. તથા સહકાર ખાતા ધ્વારા ઈશ્યું કરેલ સુચનાઓનું પાલન કરવામાં આવેલ છે.
૧૧) કોર્ટ રાહે સમાધાન, માંડવાળ કિસ્સાઓ બનેલ નથી.
૧૨) બેંન્કની કોઈ શાખા નથી.

આર. એચ. ગર્ગ એન્ડ કું.
સી.એ. રાકેશ હરિનારાયણ ગર્ગ
પ્રોપ્રાયટર
મે.નં. ૧૦૫૨૭૦
પેનલ ક્રમાંક નં.-૨૫૦
સુરત.

સ્થળ : ખંભાત
તારીખ : ૨૬-૦૮-૨૦૨૦

# The Khambhat Nagariksahakari Bank Ltd.,

**Opp: Vadapole, Khambhat**



Mandatory Disclosures in terms of circular No**.** RBI/2013-14/531
UBD CO BPD (PCB) Cir. No.52/12.05.001/2013-14 March 25, 2014

**NOTES ON ACCOUNTS AND DISCLOSURE OF INFORMATION**

1. **Capital to Risk Weight Asset Ratio.(CRAR)**

| As on Dt. 31.03.2019 | As on Dt. 31.03.2020 |
|---|---|
| 138.49 % | 77.09 % |

2. **Investments (SLR and HTM Category)**( Rs.in Lakh )

| Sr.No | Security | Face Value | Book Value | Market Value as on 31.03.20 |
|---|---|---|---|---|
| 1 | Central Govt | 185.00 | 184.53 | 199.10 |
| 2 | State Govt | 2366.30 | 2358.08 | 2486.18 |
| 3 | FDR with other banks | 312.18 | 312.18 | 312.18 |
| Total | | 2863.48 | 2854.79 | 2997.46 |

**Non- SLR investments** (Rs in Lakh)

| Sr.No. | . Issuer | Amount | Amount Extent of 'below investment grade security | Extent of 'unrated Securities | Extent of 'unlisted Securities |
|---|---|---|---|---|---|
| 1 | PSU Bonds | 0.00 | Nil | Nil | Nil |
| 2 | FIs | | Nil | Nil | Nil |
| 3 | Public Sector Banks Bond | 0.00 | Nil | Nil | Nil |
| 4 | Mutual Funds | 0.00 | Nil | Nil | Nil |
| 5 | Others & Share with Co Op Bank | 0.17 | Nil | 0.17 | Nil |
| 6 | Provision Held towards Depreciation | 0.00 | Nil | 0.00 | Nil |

**** Non-performing Non SLR Investment : NIL**

## The Khambhat Nagariksahakari Bank Ltd.,

**Opp: Vadapole, Khambhat**



3. **Advances against real estate, construction business and housing: .NIL**

4. **Advances against shares & debentures: NIL**

5. **Advances to directors, their relatives, companies / firms in which they areInterested:NIL**

   **a) Fund-based.Rs. –Against FDR OD Rs:NIL**
   b) Non-fund based (Guarantees, L/C, etc.)Rs.**NIL**---------Crore

6. **Cost of Deposits: Average cost of deposits3.71%**

7. **NPAs:**

**a) Gross NPA** **Rs. 12.62Lakh**
**b) Net NPA** **Rs. 0.00 Lakh**

**8. Movement of NPA**

| Sr.No. | Particulars | Amount (Rs.in Lac) | | Change in | |
|---|---|---|---|---|---|
| | | 31.3.19 | 31.3.20 | Amount | percentage |
| 1 | Gross NPA | 12.64 (2.41%) | 12.62 (2.71%) | -0.02 | -0.16 % |
| 2 | Net NPA | -194.13 "0:" % | -200.50 "0:" % | +6.37 | +3.28% |
| 3 | Provision Held | 206.77 | 213.12 | +6.35 | +3.07% |

9. **Profitability**:

a) Interest income as a percentage of working funds - 6.87%
b) Non-interest income as a percentage of working funds - 0.43%
c) Operating profit as a percentage of working funds - 1.27%
d) Return on Assets - 0.56%
e) Business (Deposits + Advances) per employee -Rs.222.72 Lakh
f) Profit per employee - Rs.1.71 Lakh

10. **Provisions made towards NPAs, depreciation in investments, Standard Assets**

| Sr. No | Particulars Provision Held | Amount (Rs. .in lakh) | |
|---|---|---|---|
| | | 31.3.19 | 31.3.20 |
| 1 | Towards NPAs | 203.67 | 210.02 |
| 2 | Towards depreciation on investments | 27.83 | 27.83 |
| 3 | Towards standard assets | 3.00 | 3.00 |

## The Khambhat Nagariksahakari Bank Ltd.,

Opp : Vadapole , Khambhat



11. Payment of DICGC Insurance Premium: Rs.3.26 Lac for the Year 2019-20

12.Penalty imposed by RBI: Rs. NIL

13. Details of Restructured Accounts Rs. NIL

14. Fixed Assets:- Valuation / Revaluation NIL

15. Bad and Doubtful debit written off from BDDR and OIR : NIL

16 DEAF A/c amount transfer to DEAF during year 2019-20
Nos. of Accounts 262Rs.6.02lakh

17 The bank has taken group gratuity insurance with the Life Insurance Corporation Of India for payment of retirement gratuity under the Group Gratuity Scheme. The annual contribution to Gratuity is paid on yearly LIC premium basis.

PLACE : KHAMBHAT

FOR: R.H.GARG & CO.

DATE: 26/08/2020

CA Rakesh Harinarayn Garg
Proprietor
Penal No.250
Member ship No.105270
SURAT

## ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી.

### પેટા નિયમ પરિશિષ્ટ (અ)

| અ.નં. | હાલનો પેટા નિયમ | સુધારા - વધારા | |
|---|---|---|---|
| ૪ (૯)ડ | — | સહકારી મંડળીને સહકારી બેંકમાં સભ્ય બનાવવાથી B. R. Act ની Section [ccv] (iii) નું ઉલ્લંઘન થાય છે આથી કોઈ સહકારી મંડળીને બેંકના સભ્ય બનાવી શકાશે નહીં. | B.R. Act ને સુસંગત થવા સહકારી કાયદાને અનુરૂપ થવા |
| ૬૧(અ) (૧) | ચોખ્ખા નફાની ૨૫% કરતા ઓછી નહી એવી રકમ અનામત ભંડોળ (રિઝર્વ ફંડ) ખાતે લઈ જવામાં આવશે. | ચોખ્ખા નફાના ૨૫% કરતા ઓછી નહીં એવી રકમ અનામત ભંડોળ (રીઝર્વ ફંડ) ખાતે લઈ જવામાં આવશે.<br>પરંતુ નીચે જણાવેલ જોગવાઈનું પાલન કરવાની શરતે ચોખ્ખા નફાની ૧૦% કરતા ઓછી નહી એવી રકમ અનામત ભંડોળ (રીઝર્વ ફંડ) ખાતે લઈ જવામાં આવશે.<br>- ગુજરાત કો. ઓપ. સોસા. એક્ટ કલમ ૬૭ (૧) (૩) મુજબ - બેંકનું અનામત ફંડ બેંકની અધિકૃત શેરમૂડી કરતા વધુ હોય ત્યારે બેંક રજીસ્ટ્રારશ્રીની અગાઉથી પરવાનગી લઈને દર વર્ષે પોતાના અનામત ભંડોળ (રિઝર્વ ફંડ) ખાતે પોતાના ચોખ્ખા નફાના ૧/૪ કરતા ઓછી પરંતુ ૧/૧૦ કરતા ઓછી ન હોય તેટલી રકમ જમા કરી શકાશે. | |
| ૬૧(અ) (૫) | ગુજરાત સોસાયટી કો.ઓપ. એક્ટ ૧૯૬૧ મુજબ ચોખ્ખા નફાની ૧૫% રકમ ડૂબત ફંડ ખાતે લેવામાં આવશે. | ગુજરાત કો. ઓપ. સોસાયટી એક્ટ ૧૯૬૧ મુજબ ચોખ્ખા નફાની ૧૫% રકમ ડૂબત ફંડ ખાતે લેવામાં આવશે.<br>પરંતુ નીચે જણાવેલ જોગવાઈનું પાલન કરવાની શરતે ચોખ્ખા નફાની ૮% કરતા ઓછી નહી તેટલી રકમ ડૂબત ફંડ (બેડ એન્ડ ડાઉટફુલ ડેબ્ટ રીઝર્વ ફંડ) ખાતે જમા કરી શકશે.<br>ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ તા. ૨૦-૧૨-૧૯ AGRAHAYANA-29, 1941-Gujarat Act No. 32 of 2019 મુજબ<br>(૧) અગાઉના નાણાંકીય વર્ષનું ડૂબત ફંડ ઓછામાં ઓછુ નોન પરફોર્મીંગ એસેટ્સ (NPA) ના ૨૦૦% ઉપરાંતનું હોવું જોઇએ અને<br>(૨) રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલ NPA ના નોર્મ્સનું પાલન કરેલ હોવું જોઇએ. | તા.૨૦-૧૨-૧૯ ના ગુજરાત સરકાર દ્વારા બહાર પાડેલ ગેજેટમાં સુધારો કરતા તેને અનુરૂપ થાય. |

## સભાસદોના હિતમાં ખુબજ જરૂરી

- બેંકમાંથી કરજે નાણાં લેનાર તમામ સભાસદોને તેમની સગવડ ખાતર જે તેમણે લીધેલા કરજની પાકતી મુદતની ખબર આપવામાં આવે છે પરંતુ કોઈપણ કારણસર આવી ખબર કરજદારને મળી શકી ન હોય તો તે માટે બેંક બિલકુલ જવાબદાર નથી. જેની કરજદારે નોંધ લેવી જરૂરી છે.
- આથી જામીન થતાં દરેક સભાસદે ખાસ સમજવું જરૂરી છે કે જામીન સ્વેચ્છાએ જુદી જુદી તેમજ સંયુક્ત રીતે કરજ તથા તેના વ્યાજના અને તે અંગે થતા તમામ ખર્ચની વખતસર વસૂલાત બેંકને આપવા જવાબદાર છે એટલે કે જામીન કરજની કુલ રકમ માટે જવાબદાર છે નહીં કે ફાળે પડતી હિસ્સા મુજબની રકમ માટે.
- લોન લીધેલ હોય તથા જામીન થયેલ સભ્યો પોતાના તેમજ જે સભ્યના જામીન હોય તેમના લોન હપ્તા નિયમીત ભરપાઇ કરી / કરાવી પોતાની તથા જામીનની શાખ જાળવી રાખવી.
- સભાસદોએ બાકીના ડિવિડન્ડ તુરત લઈ જવા. ડિવિડન્ડ દર વર્ષે આપણી બેંકના બચત ખાતામાં સીધી જમા થાય તે માટે બેંકમાં આવીને જરૂરી ફોર્મ ભરી જવું. જે સભાસદોના આપણી બેંકમાં બચત ખાતુ ન હોય તેમણે સત્વરે બેન્કમાં રૂબરૂ આવી બચત ખાતા ખોલાવીને ડિવિડન્ડ ખાતામાં જમા થાય એવી સગવડનો લાભ લેવો.

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી.

## -: ધિરાણ પરના વ્યાજદર :-

| અ.નં. | વિગત | વ્યાજ દર (%) |
|---|---|---|
| ૧. | સભાસદ લોન | ૧૨ |
| ૨. | કેશ ક્રેડીટ | ૧૨ |
| | મકાન મોર્ગેજ કરાવે તો વ્યાજ દર | ૧૧ |
| ૩. | હાઈપોથીકેશન - માલ સ્ટોક સામે | ૧૨ |
| | રૂા. ૭૦૦૦૦૦ થી ઉપર (મકાન મીલકત મોર્ગેજ કરાવવી) | ૧૧ |
| ૪. | ધંધાની પ્રોપર્ટી મોર્ગેજ | ૧૧ |
| ૫. | મશીનરી લોન | ૧૦ |
| ૬. | વ્હીકલ લોન | |
| | અ. ટુ વ્હીલર માટે — મુદત - ૩ વર્ષ | ૧૧ |
| | બ. કાર લોન — મુદત - ૩ વર્ષ | ૮.૫૦* |
| | મુદત - ૫ વર્ષ | ૯* |
| | મુદત - ૭ વર્ષ | ૯.૭૫* |
| | ક. ટેમ્પો, રીક્ષા, થ્રી વ્હીલર રૂા. ૫૦૦૦૦૦૦ સુધી, મુદત - ૩ વર્ષ | ૧૦ |
| | કોમર્શીયલ વાહન રૂા. ૫૦૦૦૦૦૦ થી ઉપર, મુદત - ૫ વર્ષ | ૯.૭૫ |
| ૭. | NSC/KVP સામે લોન, મુદત - પાકતી તારીખ સુધીની | ૧૦ |
| ૮. | સોનાના દાગીના સામે લોન, મુદત - ૧ વર્ષ | ૧૦ |

## અગત્યની સૂચના

- બેંકના તમામ ખાતેદારો તથા સભાસદોને વિનંતી કરવામાં આવે છે કે બેંક સાથેના પત્ર વ્યવહાર આપને સમયસર મળે તે માટે હાલનું પૂરેપૂરું સરનામું બેંકમાં નોંધાવવા વ્યવસ્થા કરશો અને સરનામામાં જ્યારે ફેરફાર થાય ત્યારે ત્વરિત બેંકમાં જાણ કરવા વિનંતી છે.
- છેલ્લા ત્રણ વર્ષના ડિવિડન્ડની રકમ જે સભાસદ ન લઈ ગયા હોય તેઓએ બેંકમાં આવી લઈ જવા. ત્યારબાદ સદરહુ રકમ રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે.
- બેંકના કામકાજ અંગે તથા સરવૈયા અને નફા-નુકસાનના હિસાબો અંગે વધુ માહિતી જોઈતી હોય અગર પૂછપરછ કરવી હોય તો સાધારણ સભાની તારીખના સાત દિવસ અગાઉ બેંકમાં મેનેજરશ્રીને બેંકના કામકાજના સમય દરમ્યાન લેખિત આપી જવા વિનંતી છે.
- સામાન્ય સભામાં હાજર રહેવા તથા ચૂંટણી સમયે મતદાન કરવા માટે બેંક તરફથી ઈશ્યુ કરેલ ફોટાવાળું 'સભાસદ ઓળખપત્ર' સાથે લઈ આવવું ફરજિયાત છે. જે સભાસદના ઓળખપત્ર ખોવાઈ ગયેલ હોય તેઓએ બેંકના કામકાજના સમયમાં રૂબરૂ આવી ફોર્મ સાથે ૨ ફોટા, KYC વગેરે આપી તેની જરૂરી ફી ભરીને ડુપ્લીકેટ ઓળખપત્ર કઢાવી લેવા વિનંતી છે.

## ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી.

### જનસેવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત રૂપે બેંકે ફંડોમાંથી ચાલુ વર્ષે કરેલ સહાયની યાદી

| અ.નં. | સંસ્થાનું નામ | આર્થીક સહાયની રકમ રૂા. |
|---|---|---|
| ૧. | લાયન્સ કલબ (સોસાયટી) બેંક કલીનીક માટે | ૩૦૦૧-૦૦ |
| ૨. | અન્નપૂર્ણા ટ્રસ્ટ - ખંભાત | ૩૦૦૧-૦૦ |
| ૩. | શ્રીમતી બી.સી.જે. ખંભાત ભગીની સમાજ | ૩૦૦૧-૦૦ |
| ૪. | શ્રી જબરેશ્વર હરિકૃષ્ણ મહારાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી જબરેશ્વર હરીકૃષ્ણ મહારાજ આઈ હોસ્પીટલ | ૮૦૦૧-૦૦ |
| ૫. | જનહિત ચેરીટેબલ ટ્રસ્ટ - ખંભાત | ૩૦૦૧-૦૦ |
| ૬. | સીનીયર સીટીઝન વેલ્ફેર સોસાયટી - સંચાલીત શ્રી સિધ્ધનાથ મહાદેવ વડિલ વિશ્રામ આનંદધામ (વૃધ્ધાશ્રમ) | ૩૦૦૧-૦૦ |
| | કુલ | ૨૩૦૦૬-૦૦ |
| ૭. | ચીફ મીનીસ્ટર રીલીફ ફંડ (Covid-19) તા. ૩૧-૦૩-૨૦૨૦ | ૨૫૦૦૧-૦૦ |

**ગુજરી ગયેલ સભાસદોના વારસદારોને આર્થિક સહાયરૂપે રૂા. ૩,૬૪,૫૦૦/- ચૂકવેલ છે.**

**બેંકની લેવડ-દેવડના કામકાજનો સમય (જાહેર રજા સિવાય)**

૧.સોમવારથી શનીવાર સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧-૦૦ કલાક સુધી બપોરના ૨-૦૦ થી સાંજના ૪-૦૦ કલાક સુધી

## સેઈફ ડિપોઝીટ લોકર્સ કામકાજનો સમય (જાહેર રજા સિવાય)

૧. સોમવારથી શનિવાર : સવારના ૧૦-૦૦ થી બપોરના ૧-૦૦ કલાક સુધી બપોરના ૨-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક સુધી

**લોકર્સધારકોને સૂચના :–** બેંકના સર્વે લોકર્સ - ધારકોને જણાવવાનું કે RBI ની સૂચના મુજબ જે લોકર્સ ધારકોની લોકરની ચાવી ઉપર એમ્બોસીંગ કરાવવાનું બાકી હોય તેમજ KYC આપવાના બાકી હોય તેવા ગ્રાહકોએ તાત્કાલિક બેંકમાં આવી પૂર્તતા કરી લેવી. જે લોકર્સ ધારકનું બેંકમાં બચત ખાતુ ન હોય તેમણે બેંકમાં રૂબરૂ આવીને બચત ખાતા ખોલાવી જવા.

જે લોકર્સ ધારકો એ લોકર્સ લાંબા સમયથી ઓપરેટ કરેલ નથી તેવા લોકર્સ હાલમાં ઇન-ઓપરેટ થઈ ગયેલ છે તેઓએ બેંકમાં આવી રૂબરૂ મળી જવું.

**ધિરાણ સુવિધા :–** બેંકના સભાસદોને ગૃહ વપરાશી સાધનો, મશીનરી, વાહન વિગેરે ખરીદવા તેમજ રાષ્ટ્રીય બચતપત્રો (એન.એસ.સી., કે.વી.પી.) તથા સોનાના દાગીના પર ત્વરિત લોન આપવામાં આવે છે. કારલોન ફક્ત ૮.૫૦% વાર્ષિક વ્યાજ દરે શરતોને આધીન.

**વિશિષ્ટ સેવા :–** ધી ખંભાત જનરલ હોસ્પિટલમાં "ધી ખંભાત નાગરિક સહકારી બેંક લિ., મફત નેત્ર ઓપરેશન વિભાગ" માં આંખના કોઈપણ પ્રકારના દર્દની સારવાર મેળવવા હોસ્પિટલના જનરલ વોર્ડમાં દાખલ થાય તેવા દર્દીઓને ઓપરેશન સારવાર સહિત તમામ દવાઓ મફત આપવામાં આવે છે જેનો જરૂરિયાતવાળાઓએ લાભ લેવા વિનંતી. જે સભાસદોએ આપણી બેંકમાં બચત ખાતુ ખોલાવેલ નથી તેમણે બચત ખાતુ સત્વરે ખોલાવી તેમનો ખાતા નં. બેંકના શેર વિભાગમાં નોંધ કરાવવી જેથી ડિવીડન્ડ ખાતામાં જમા થશે. આપણી બેંકમાં BSBD એકાઉન્ટ "૦" બેલેન્સથી ખોલવામાં આવે છે.

**ખાતેદારોને ખાસ સૂચના :–** રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આદેશ મુજબ બેંકના સૌ ખાતેદારો, સભાસદો અને લોકર્સ ધારકોએ KYC (આપના ગ્રાહકોને ઓળખો) નોર્મ્સનું પાલન કરવું ફરજિયાત હોય KYC ને લગતા જરૂરી પુરાવા / દસ્તાવેજો ત્વરિત રજૂ કરવા જેથી સ્થગિત થયેલ ખાતા ફરી ચાલુ કરી શકાય. RBI ની સૂચના મુજબ ૧૦ વર્ષ કે તેથી વધારે સમયથી જે ખાતાઓમાં લેવડ-દેવડ થયેલ નથી તેવા ખાતાઓ RBI ના DEAF-2014 સ્કીમ મુજબ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં ટ્રાન્સફર કરવામાં આવે છે જે ખાતાઓની વિગત બેંકની વેબ-સાઈટ www.knsbl.in માં મુકેલ છે. જેથી દરેક ખાતામાં સમયસર લેવડ-દેવડ ચાલુ રાખવી.

- આપણી બેંકમાં ગ્રાહકો / ખાતેદારો તેમજ જરૂરીઆતવાળા વ્યક્તીઓ માટે ઈ. સ્ટેમ્પીંગની સુવીધાના પ્રારંભ કરેલ છે.
- બેકમાં ખાતેદારો તથા થાપણદારોએ પોતાના પાનકાર્ડ. રહેઠાણનો પુરાવો વિગેરે KYC પુરાવા જમા કરાવી જવા તેમજ ખાતામાં લેવડ-દેવડ ચાલુ રાખવી નહીતર ખાતા ઈન-ઓપરેટ થઇ જશે.
- બેંકમાં બાંધી મુદત થાપણ પર વાર્ષિક રૂા.૪૦,૦૦૦/- તથા સીનીયર સીટીઝન થાપણદારો પર વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધારે વ્યાજની રકમ પર TDS લાગુ પડે છે.
- ખાતેદારોએ વિમા પોલીસી, મ્યુચ્યુઅલ ફંડ, કંપનીના ડિવીડન્ડ સરકારી સબસીડી વિગેરે તેમજ બહારગામથી પોતાના ખાતામાં રકમ જમા કરાવવા માટે બેંકનો પંદર આંકડાનો ખાતા નંબર તેમજ IFSC CODE GSCBOUKNSBL આપવો જરૂરી છે.

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી., ખંભાત

## ● ઓગણપચાસમી વાર્ષિક સાધારણ સભાની નોટીસ ●

૪૯     ૪૯

## ★ નોટીસ ★

આથી બેંકના સભાસદોને જણાવવામાં આવે છે કે, ઓગણપચાસમી વાર્ષિક સાધારણ સભા તા.૨૫-૧૦-૨૦૨૦ ને રવિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે ''રાવ સાંસ્કૃતિક હોલ'', ચકડોળ ગ્રાઉન્ડ સામે, મેતપુર રોડ, ખંભાતમાં નીચે જણાવેલ કામકાજ માટે રાખવામાં આવી છે તો સમયસર હાજરી આપવા વિનંતી છે.

- તા. ૧૫-૦૯-૨૦૧૯ ની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલી આપવા.
- વ્યવસ્થાપક-મંડળે મંજૂર કરેલ તા.૩૧-૦૩-૨૦૨૦ સુધીના કામકાજનો અહેવાલ, સરવૈયુ તથા નફા-તોટાનો હિસાબ મંજૂર કરવા.
- બેંકના સ્ટેચ્યુટરી ઓડીટરશ્રી આર. એચ. ગર્ગ એન્ડ કું. પ્રો. : રાકેશ હરિનારાયણ ગર્ગ, મેમ્બર નં. ૧૦૫૨૭૦, પેનલ નં. ૨૫૦ સુરત તરફથી આવેલ ઓડીટ રીપોર્ટ વાંચી યોગ્ય કરવા.
- પરિશિષ્ટ 'અ' મુજબ પેટા નિયમમાં સુધારા-વધારા મંજૂર કરવા.
- આવતા વર્ષના બેંકના હિસાબો તપાસવા ઓડીટર્સની નીમણૂંક કરી તેમનું મહેનતાણું નક્કી કરવા.
- પેટા-નિયમ-૬ પ્રમાણે આવતા વર્ષમાં વધારેમાં વધારે જે હદ સુધી સંચાલક મંડળ ભંડોળ એકઠું કરી શકે તે હદ મંજૂર કરવા.
- ચેરમેનશ્રીની પરવાનગીથી જે કાંઈ કામ રજૂ થાય તે પર વિચારણા કરવા.

''સ્તંભતીર્થ'' વાડાપોળ.
ખંભાત.
તા. ૩૦-૦૯-૨૦૨૦

સંચાલક મંડળના આદેશથી,
શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ
મેનેજર

નોંધ :
(૧) સભામાં હાજર રહેવા બેંક તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ''ફોટાવાળું સભાસદ ઓળખકાર્ડ'' સાથે લઈને આવવા વિનંતી છે.
(૨) સભામાં બિન-સભાસદ વ્યક્તિઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.
(૩) હાલમાં ચાલતી Covid-19 ની મહામારીની પરિસ્થિતીને ધ્યાને લઈ સરકારશ્રીના આદેશ મુજબના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૪) સભામાં ફરજીયાત માસ્ક પહેરીને આવવું, માસ્ક વગર પ્રવેશ આપવામાં આવશે નહિં.
(૫) કોરોનાની મહામારીની પરિસ્થિતીને લીધે સભામાં બાળકોને સાથે ન લાવવા વિનંતી છે.
(૬) વાર્ષિક સાધારણ સભામાં સોશ્યલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.


## સભાસદોને ત્વરિત લોન / ધિરાણ સુવિધા

**કાર લોન વાર્ષિક ૮.૫૦% ના દરે** (શરતો લાગુ)

વાર્ષિક ૧૦% ના વ્યાજદરે રાષ્ટ્રીય બચતપત્રો [N.S.C., K.V.P.] અને સોનાના દાગીના પર ત્વરિત લોન આપવામાં આવે છે.